નં.જીઆઈડીસી/જમે(વિતરણ)/ઓએન્ડએમ/
સીઆઈઆર/પીઓએલ/૧(૯) ૨૦
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ગાંધીનગર.
તા.૧૯-૦૫-૨૦૧૦.

//પરિપત્ર//

વિષય:- અંદાજીત ક્ષેત્રફળથી ફાળવેલ જમીનના કિસ્સામાં આખરી માપણી મોજણીથી અંતિમ ક્ષેત્રફળ નિયત થતા ઘટેલ ક્ષેત્રફળ અન્વયેની ફાળવણીની કિંમત અંગે વસુલાત/રીફંડ તેમજ તેટલુ જ ક્ષેત્રફળ સરભર કરવા બાબત.

સંદર્ભ:- નિગમના પરિપત્ર ક્રમાંક.ઓએન્ડએમ/સીઆઈઆર/વિત/પોલીસી/૧(૬)/૩૧/૭૩૦/૯૭ તા.૦૫-૧૧-૧૯૯૭.

:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:

નિગમની જુદી જુદી વસાહતોમાં ઔદ્યોગિક પ્લોટ, શેડ, વાણિજય પ્લોટ, રહેણાંક પ્લોટ વિગેરેની ફાળવણી અંદાજીત ક્ષેત્રફળથી ઘણાં કિસ્સાઓમાં ભૂતકાળમાં કરવામાં આવેલ હોય છે અથવા તો ગુણદોષના આધારે અંદાજીત ક્ષેત્રફળથી ફાળવણી કરવામાં આવતી હોય છે. આ અંગેના અંદાજીત ક્ષેત્રફળના કરારખત કરી પ્લોટનો પ્રત્યક્ષ કબજો પણ અંદાજીત ક્ષેત્રફળથી સોંપવામાં આવે છે.

ફાળવણી કરવામાં આવેલ અંદાજીત ક્ષેત્રફળની આખરી માપણી મોજણી થતા અંતિમ ક્ષેત્રફળમાં વધારો થાય ત્યારે તે વધારાના ક્ષેત્રફળની કિંમત વસુલ કરવા અંગેની નીતિ પરિપત્ર નં.ઓએન્ડએમ/સીઆઈઆર/વિત/પોલીસી/૧(૬)/૩૧/૭૩૦/૯૭ તા.૦૫-૧૧-૧૯૯૭ થી નીતિ વિષયક સુચનાઓ જારી કરવામાં આવેલ. પરંતુ, આવા જ પ્રકારની ફાળવણી થયા બાદ અંતિમ ક્ષેત્રફળમાં ઘટાડો થાય ત્યારે તે અંગેની કોઈ નીતિ અમલમાં નથી. આથી અનુભવે આવી નીતિ અમલમાં મુકવી જરૂરી જણાતા નિગમની તા.૦૭-૦૪-૨૦૧૦ ના રોજ મળેલ ૪૪૮ મી સભા સમક્ષ કાર્યસુચિ ક્રમાંક.૬/વિતરણ/૪૪૮ સાદર કરવામાં આવેલ. જેના ઠરાવ ક્રમાંક.૫૪/વિતરણ/૪૪૮/૨૦૧૦ મુજબ જમીનની ફાળવણી સામે માપણી મોજણીના અંતે અંતિમ ક્ષેત્રફળમાં જો ૫% થી વધુ ઘટાડો થતો હોય, તો ૨૦% સુધીના ઘટાડાની મર્યાદામાં રહીને જેટલા ક્ષેત્રફળનો ઘટાડો થતો હોય, તેટલા ક્ષેત્રફળ માટે તે જ વસાહતમાં જે હેતુસર ફાળવણી કરવામાં આવેલ હોય તે જમીનની લગોલગ નિગમ પાસે જમીન ઉપલબ્ધ હોય અને નિગમના નિયમોનુસાર ઉપલબ્ધ જમીનના ક્ષેત્રફળને ભાગલા/વિભાજન કર્યા બાદ નિગમ હસ્તક રહેતુ ક્ષેત્રફળ **"Un-even shape"** માં ન રહેતુ હોય અને નિયમોનુસાર વેચાણ પાત્ર બનતું હોય તો આ ઘટાડેલ ક્ષેત્રફળની સામે સરભર કરવા માટે જે કિંમતે જમીનનું વિતરણ થયેલ હોય તે દરે ઘટાડેલા ક્ષેત્રફળનું મુળ વિતરણપત્રની તમામ શરતોને યથાવત રાખી વિતરણ કરવાનું નકકી કરવામાં આવે છે.

(પા છ ળ)

વધુમાં સદરહુ કિસ્સામાં જો ફાળવણીદારને ફાળવેલ જમીનની લગોલગ જમીન ઉપલબ્ધ ન હોય, પરંતુ તે જ વસાહતમાં અન્ય જગ્યાએ જમીન ઉપલબ્ધ હોય તો તેવી જમીનની ફાળવણી ૨૦% ઘટાડાની મર્યાદામાં રહીને ફાળવણીપત્રમાં દર્શાવેલ તમામ શરતો, હેતુ, કિંમત વિગેરે યથાવત રાખી ફાળવી શકાશે.

વધુમાં માપણી મોજણીના અંતે અંતિમ ક્ષેત્રફળમાં જો ઘટાડો થાય અને તેના બદલામાં નિગમની નીતિ મુજબ અન્ય જમીન લેવા ફાળવણીદાર માંગતા ન હોય, તો જેટલા ક્ષેત્રફળનો ઘટાડો થયેલ હોય, તેટલા ક્ષેત્રફળની કિંમત જે મુળ વિતરણ વખતે વસુલ કરવામાં આવેલ હોય તે દરે ૯% સાદા વ્યાજ સાથે પરત કરવાની રહેશે.

આવી દરખાસ્ત મંજુર કરવાની સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવેલ છે. આથી અંદાજીત ક્ષેત્રફળથી ફાળવેલ જમીનના કિસ્સામાં આખરી માપણી મોજણીથી અંતિમ ક્ષેત્રફળ નિયત થતા ઘટેલ ક્ષેત્રફળ અન્વયેની ફાળવણીની કિંમત અંગે વસુલાત/રીફંડ તેમજ તેટલુ જ ક્ષેત્રફળ સરભર કરવા બાબતની દરખાસ્ત નિગમના નિયમોનુસાર વડી કચેરીએ મોકલવાની રહેશે. જેની સર્વે વિતરણ અધિકારીશ્રીઓએ નોંધ લેવી તથા આ સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજરશ્રી(વિતરણ)ને નામજોગ મોકલી આપવાની રહેશે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ....

નકલ રવાના.

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ તેમજ તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓને જણાવવા સારૂ.

રવાના કર્યુ.

કાર્યપાલક નિયામક (ઈન્ડઓ)